॥ હરિઃૐ ॥

# વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ

મુકુલ કલાર્થી

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ００૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

❑ © મુકુલભાઈ કલાર્થી

❑ પ્રથમ આવૃત્તિ : સને ૧૯૮૭, પ્રત : ૨૧૦૦
(ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ)
દ્વિતીય આવૃત્તિ : સને ૨૦૦૨, પ્રત : ૫૦૦૦
ત્રીજી આવૃત્તિ : સને ૨૦૦૫, પ્રત : ૧૦૦૦
ચોથી આવૃત્તિ : સને ૨૦૦૭ પ્રત : ૫૦૦૦
પાંચમી આવૃત્તિ : સને ૨૦૧૦ પ્રત : ૨૫૦૦૦

❑ પૃષ્ઠ : ૬૪

❑ કિંમત : **રૂ.** ૩/-

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની** (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
અમદાવાદ - ૩૮૦ ૦૦૭, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **ટાઈપસેટિંગ :**
**અર્થ કૉમ્પ્યૂટર**
અમદાવાદ-૩૮૦ ૦૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (પાંચમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા અને પૂજ્યશ્રી સ્વામી શિવાનંદ
જેવા સંતોનો સમાગમ પામનાર
અને
સદ્‌ગત શ્રી ચંપકલાલ મગનલાલ ચોક્સીના વીલના
એક્ઝીક્યુટરની કામગીરી નિમિત્તયોગે મળતાં,
સદ્‌ગતના પુણ્યાર્થે પૂજ્ય શ્રીમોટાનાં
કાર્યોમાં સહયોગ આપનાર
અને
સુરત આશ્રમના નવનિર્મિત મકાનમાં આત્મનિવેદન
રૂમમાં પ્રાર્થનાભાવે નિયમિત રીતે બેસનાર
તેમ જ
સુરતના અશક્તા આશ્રમના દવાખાનાનો કાર્યભાર
સુચારુ રીતે સંભાળી રહેલ છે
એવા
**શ્રી અરવિંદભાઈ ઈશ્વરભાઈ મહેતા**ને
**'વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ'**ની આ પાંચમી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા — ટ્રસ્ટીમંડળ,
તા. ૨૫-૭-૨૦૧૦ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું નામ તો તમે સાંભળ્યું હશે જ. તેઓ એક મોટા સંતપુરુષ થઈ ગયા. 'સમાજને બેઠો કરવા' તેમણે સમાજના વિકાસની ઘણી પ્રવૃત્તિઓ શરૂ કરી છે.

શ્રીમોટા ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા, પરંતુ આપપુરુષાર્થથી તેમણે વિદ્યા મેળવી હતી. વિદ્યાકાળના કેટલાક પ્રસંગો આ પુસ્તિકામાં સરળ શૈલીમાં રજૂ કરવા નમ્ર પ્રયત્ન કર્યો છે.

આજની ઊગતી પેઢીના બાળ-વિદ્યાર્થીઓને આ પ્રસંગો પ્રેરણા આપનારા થઈ પડશે, એવી આશા છે.

**-મુકુલ કલાર્થી**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનો વિદ્યાર્થીકાળ ઘણો કપરો હતો. ભણવાની ધગશ અને ધ્યેય તો હતાં જ, પરંતુ ગરીબાઈને કારણે તેમાં ઘણા અવરોધો ઊભા થતા હતા. તેમ છતાં મક્કમ મનોબળ અને ભારે પુરુષાર્થ કરીને તેઓ તેમનો અભ્યાસ ઉચ્ચ ટકાવારી સાથે આગળ વધારતા રહ્યા હતા.

શ્રી મુકુલ કલાર્થીએ પૂજ્ય શ્રીમોટાના વિદ્યાર્થીકાળના કેટલાક પ્રસંગોની પુસ્તિકા 'વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ' તૈયાર કરી હતી. સને ૧૯૮૭માં તેની પ્રથમ આવૃત્તિ બાદ સને ૨૦૦૨અને સને ૨૦૦૫માં બીજી અને ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે. આ પુસ્તિકાની માગ તો રહ્યા કરે છે, પરંતુ તેની પ્રતો ઉપલબ્ધ નથી.

સદ્ગત શ્રી વિષ્ણુપ્રસાદ જગમોહન શ્રોફની પુણ્ય સ્મૃતિમાં તેમનાં ધર્મપત્ની કલાવતીબહેન તેમ જ પુત્ર શ્રી ઉમેશભાઈના પરિવાર તરફથી સત્ સાહિત્યના પ્રકાશન માટે અમોને સહયોગ મળતાં, આ પુસ્તિકાનું પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ. સાથોસાથ શ્રી શ્રોફ પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ આ નવી આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી આશા અને શ્રદ્ધા છે.

તા. ૨૭-૩-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ભણવાની ચાનક | ૭ |
| ૨. | ભણો અને ભણાવો | ૧૧ |
| ૩. | ભણતાં ભણતાં મજૂરીએ | ૧૨ |
| ૪. | કડિયાકામે ગયા | ૧૫ |
| ૫. | ખેતરમાં કપાસ વીણવા | ૧૭ |
| ૬. | રોપણી કરવા પણ તૈયાર | ૧૯ |
| ૭. | બોલ્યું પાળ્યું | ૨૧ |
| ૮. | શાળામાં સફાઈકામ કરીને ભણ્યા | ૨૬ |
| ૯. | દોઢ વર્ષમાં ચાર ધોરણ ! | ૨૮ |
| ૧૦. | ઈન્સ્પેકટરનું દિલ જીત્યું | ૩૧ |
| ૧૧. | ‘મારું કામ જુઓ, પછી રાખજો’ | ૩૪ |
| ૧૨. | જૂઠનો વેપાર ના થાય ! | ૩૭ |
| ૧૩. | વિદ્યા વિનયથી શોભે | ૪૨ |
| ૧૪. | સંતે સહાય કરી | ૪૫ |
| ૧૫. | વડોદરા કૉલેજમાં | ૫૦ |
| ૧૬. | દોઢ આનામાં જમવાનું ! | ૫૨ |
| ૧૭. | ખોટી ટેવ ના ખપે ! | ૫૪ |
| ૧૮. | ગાંધીજીની હાકલ | ૫૬ |
| ૧૯. | મોટાની મૂંઝવણ | ૫૭ |
| ૨૦. | કૉલેજને રામરામ ! | ૫૯ |
| ૨૧. | ગૂજરાત વિદ્યાપીઠમાં | ૬૦ |
| ૨૨. | દેશસેવાનાં કાર્યમાં | ૬૨ |
| ૨૩. | આરતી | ૬૪ |

# ૧. ભણવાની ચાનક

મોટા, ગામની પ્રાથમિક શાળામાં ભણતા હતા.

મોટા, ઘેર કામ કરે અને શાળામાં નિયમિત ભણે પણ ખરા.

એમને ભણવાનું બહુ જ ગમતું.

શા માટે ગમતું હતું, ખબર છે ?

મોટા, નાના હતા ત્યારે એક દુ:ખદ પ્રસંગ બન્યો હતો.

એ પ્રસંગે તેમનામાં ચિનગારી પ્રગટાવી.

સાંભળો એ પ્રસંગ :

મોટાના પિતાજીને હુક્કો પીવાની ટેવ.

એ માટે વારેવારે દેવતા જોઈએ.

એટલે ઘરના આંગણામાં હંમેશાં થોડાં છાણાં સળગતાં રાખે.

ગામમાં રાતે સિપાઈઓ રોન ફરવા નીકળે.

ભગતજીને આંગણે પોરો ખાવા બેસે.

કોઈ સિપાઈ હુક્કાના બેચાર દમ પણ લગાવે.

ભગતજી સાથે અલકમલકની વાતો પણ લહેરથી કરે.

એક રાતે બે સિપાઈઓ રોન ફરતાં ફરતાં ત્યાં આવ્યા.

ભગતજી પાસે ખાટલા ઉપર બેઠા.

વાત વાતમાં એક સિપાઈએ પૂછ્યું :

'અલ્યા ભગત, ઓટલા ઉપર ખાટલામાં આ કોણ સૂતું છે ?'

ભગતે જવાબ આપ્યો :

'મહેમાન છે.'

પેલા સિપાઈએ પૂછ્યું :

'પોલીસચોકીએ ખબર કેમ નથી આપી ?'

તે જમાનામાં ચોરી કરનાર તરીકે જાણીતી થયેલી કેટલીક કોમો હતી.

તેમને ત્યાં કોઈ મહેમાન આવે, તો એની ખબર ચોકીએ આપવાનો રિવાજ હતો.

એટલે ભગતજીએ કહ્યું :

'અમારે એવી ખબર આપવાની ના હોય.'

એ સાંભળીને કોણ જાણે કેમ સિપાઈનો મિજાજ છટક્યો.

તે ભગતજીને બેફામ ફટકારવા લાગ્યો !

મારતો મારતો પોલીસચોકીએ ઢસડી ગયો !

નાનીશી વયના મોટા, ઓટલા ઉપર જ સૂતા હતા.
આ જોઈને તે હેબતાઈ ગયા !
પિતાની આવી દશા તે જોઈ શક્યા નહિ.
એવામાં મોટાને કંઈક સૂઝી આવ્યું.
તે નાગરવાડા ભણી દોડી ગયા.
નાગરવાડામાં રાવસાહેબ મનુભાઈ રહે.
તે ભગતના કુટુંબને ઓળખતા હતા.
મોટાનાં બા તેમનાં દળણાં ખાંડણાં કરવા ઘણીવાર જતાં.
મોટાએ મધરાતે બારણું જોરથી ખખડાવ્યું.
રાવસાહેબ સફાળા જાગી ગયા.
મોટાએ ડૂસકે ડૂસકે રડતાં રડતાં કહ્યું :
'સાહેબ, મારા બાપાને બચાવો !
'સિપાઈએ બાપાને વાંક વિના ખૂબ માર્યા !
'ઢસડીને ચોકીએ લઈ ગયા છે !'
રાવસાહેબે તરત જ ઘોડાગાડી જોડાવી.
મોટાને લઈને પોલીસચોકીએ ગયા.
તેમણે ભગતજીને છોડાવ્યા.
આ બધું જોઈને મોટાને થયું :
'દુનિયામાં ગરીબની દશા બૂરી છે !

'ગરીબને સૌ કોઈ હડધૂત કરે !

'તેનું અપમાન કરે !

'આપણે ભલે ગરીબ હોઈએ.

'પણ આપણું કોઈ અપમાન ના કરે, એ માટે શું કરવું ?'

વિચાર કરતાં મોટાને સમજાયું :

'તાલુકાના મામલતદારને બધા સલામ કરે.

'મોટા મોટા માણસો એમને માન આપે.

'સૌ કોઈ એમનો પડ્યો બોલ ઝીલે.

'મારે પણ એવા મોટા માણસ થવું.'

પણ મોટા માણસ થવું શી રીતે ?

આ વિશે મોટા, વિચાર કરવા લાગ્યા.

છેવટે તેમને ઉપાય સૂઝી આવ્યો :

'મોટા માણસ થવું હોય, તો ખૂબ ખૂબ ભણવું જોઈએ.'

ત્યારથી નાનકડા મોટાને ભણવાની લગની લાગી.

ભલે અગવડ પડે.

દુઃખ ભલે ખમવું પડે.

એ બધું વેઠીને આગળ ભણવું.

આવો મક્કમ નિરધાર મોટાએ કર્યો.

તે આપમેળે નિશાળે ભણવા જવા લાગ્યા.

❑

## ૨. ભણો અને ભણાવો

મોટાની સ્મરણશક્તિ સારી હતી.

શાળામાં ખૂબ ધ્યાનથી ભણે.

મોટાને બધું ઝટઝટ આવડી જાય.

શિક્ષકો પણ સારા હતા.

તેઓ આ ગરીબ, મહેનતુ અને હોશિયાર વિદ્યાર્થી ઉપર ભાવ રાખે.

મોટા, શાળામાં માત્ર ભણે જ નહિ.

મોટા, ભણે અને ભણાવે પણ.

વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા હતા.

મોટા, તેમને ભણવામાં મદદ કરે.

મોટાને નાનપણથી સમજ હતી :

'બીજી બધી વસ્તુઓ આપવાથી ઘટી જાય.

'પરંતુ વિદ્યાધન જેમ જેમ બીજાને આપીએ, તેમ તેમ વધે.

'વિદ્યાદાન જેવું ઉત્તમ દાન બીજું નથી.'

એટલે મોટા, નબળા વિદ્યાર્થીઓને ખંતથી ભણાવે.

આમ, મોટા, વિદ્યાર્થીઓના માનીતા થઈ ગયા.

તેઓ મોટાને પોતાના સાચા મિત્ર ગણવા લાગ્યા.

કહેવત છેને –

'દુ:ખે ઊભે તે મિત્ર.'

❑

## ૩. ભણતાં ભણતાં મજૂરીએ

મોટા, ઉંમરમાં નાના હતા.

પરંતુ સમજ મોટેરાં જેવી હતી.

બા, બિચારી લોકોનાં દળણાં દળે, ખાંડણાં કરે.

બા, બીજાને ઘેર ઘરકામ કરવા જાય.

મોટાને મનમાં થયું :

'હું ભણવા જાઉં છું ખરો.

'પણ રજામાં ઘેર નવરો બેસું છું.

'હું આમ બેસી રહું એ કેમ ચાલે ?

'બા, બિચારી કેટલા ઢસરડા કરે છે !

'મારે પણ કંઈક મદદ કરવી જોઈએ.'

'લાવ, હું ક્યાંક મજૂરી કરવા જાઉં.'

એકવાર મોટાને ખબર પડી કે, ગામના ઈંટ-વાડામાં મજૂરી મળે છે.

મોટા, ત્યાં એકલા પહોંચી ગયા.

દેખરેખ રાખનાર ભાઈએ પૂછ્યું :

'અલ્યા છોકરા, અહીં શું કામ આવ્યો છે ?'

મોટાએ જવાબ આપ્યો :

'કામ કરવા.'

પેલા ભાઈ કહે :

'નિશાળે જાય છે કે નહિ ?

'તને કામ કરવાની જરૂરી શી ?

'ભણશે તો કામ આવશે.'

મોટા કહે :

'ભાઈ, હું ભણવા જાઉં છું.

'પણ શાળામાં હમણાં રજા છે.

'એટલે કામ કરવા આવ્યો છું.'

પેલા ભાઈ બોલ્યા :

'પણ છોકરા, તારું અહીં કામ નહિ.

'તારાથી ઈંટો ઉપાડાશે ?'

મોટાને તો કંઈ કામ જોઈતું હતું.

ઘેર માબાપને થોડીઘણી મદદ કરવી હતી.

એમ હિંમત હારે એવા તે ન હતા.

મોટાએ હિંમતભેર કહ્યું :

'હું ઈંટો ઉપાડીશ.'

પેલા ભાઈ હસતાં હસતાં કહે :

'છોકરા, ઈંટવાડો એટલે ધગધગતી ભઠ્ઠી.'

'એમાંથી ઈંટો કાઢવી એ રમતવાત નથી, સમજ્યો કે ?

'ગરમ ગરમ ઈંટો ઉપાડતાં હાથ દાઝી જાય !'

મોટા, ગભરાયા વિના બોલ્યા :

'હું ગરમ ગરમ ઈંટો ઉપાડીશ.'

નાના છોકરાનો ઉત્સાહ જોઈને પેલા ભાઈ કહે :

'અચ્છા, તો આજથી કામે લાગી જા.

'અડધેથી ભાગી જતો નહિ.'

ઈંટવાડામાં બીજા મજૂરો કામ કરતા હતા.

મોટા, તેમની સાથે ભળી ગયા.

મોટા, સૌની સાથે ગરમ ગરમ ઈંટો ઉપાડવા લાગ્યા.

મોટાએ જોયું કે, પેલા ભાઈની વાત સાચી હતી.

આ કંઈ બચ્ચાનો ખેલ નથી.

ગરમાગરમ ઈંટો ઉપાડતાં હાથ દાઝી જાય !

કોઈવાર અંગારાની માફક ચંપાઈ પણ જાય !
નાનકડા મોટા, દાઝી તો જાય.
પણ પાછી પાની કરે એ બીજા !
મોટા, છાનામાના દુઃખ વેઠતા.
મોટેરા માણસોની માફક જ કામ કરતા.
સાંજે કામ બંધ થાય.
દેખરેખ રાખનાર ભાઈ, બધાંની ઈંટો ગણવા માંડે.
ઈંટો પ્રમાણે પૈસા આપે.
મોટા, પૈસા લઈને ઘેર દોડતા જાય.
હથેળી અને આંગળાં શેકાઈને, દાઝીને લાલ લાલ થઈ ગયાં હોય.
મોટા, એને ગણકારે નહિ.
મોટાને તો કામ કર્યાનો આનંદ.
ઘેર થોડીઘણી મદદ કર્યાનો આનંદ.
રજાનો સારો ઉપયોગ કરવાનો આનંદ.

❑

## ૪. કડિયાકામે ગયા

રજાના દિવસો હતા.
મોટા, કામની શોધમાં નીકળી પડતા.
મોટા, કોઈવાર કડિયાકામે જવા તૈયાર થતા.

નાનકડા છોકરાને જોઈને કડિયો કહે :

‘છોકરા, તને આ કામ આવડશે કે ?

‘બરોબર કામ કરજે.

‘રમતો-બમતો નહિ.

‘મારું કામ વચ્ચેથી અટકવું ના જોઈએ.’

મોટા, તો ઉત્સાહભેર કામે લાગી જતા.

મોટાને કામ કરવામાં આળસ નહિ.

જે કામ હાથમાં લે, એ પૂરા દિલથી કરે.

એ પછી શાળાનો અભ્યાસ હોય કે મહેનત-મજૂરીનું કામ હોય.

આવી સમજ મોટાને નાનપણથી હતી.

મોટા, રેતી-સિમેંટ વગેરે ભેગાં કરે.

જોઈતું પાણી ધ્યાન દઈને રેડે.

સરસ રીતે કોલ બનાવી આપે.

જરાયે આળસ કર્યા વિના ઈંટો ઉપાડે.

કડિયા આગળ ઈંટો બરોબર મૂકે.

કડિયો આ બધું જુએ.

‘નાનકડા માણસ’નું વ્યવસ્થિત કામ જોઈને કડિયો રાજી રાજી થઈ જાય.

સાંજે કામ પૂરું થાય.

કડિયો મોટાની પીઠ થાબડીને કહે :

'છોકરા, તારું કામ મને ગમે છે.

'કાલે પણ કામ કરવા વખતસર આવી જજે.

'હું તારી રાહ જોઈશ.

'થોડા દિવસમાં જ તને બધું કામ શીખવી દઈશ.

'પછી તો તું પણ સરસ કડિયો બની જશે.

'કમાતો થઈ જશે.'

મોટા, હકારમાં માથું હલાવે.

મજૂરીના પૈસા લઈ તે ઘેર જાય.

ખુશ થતાં થતાં જાય.

જાણે ક્યાંક રમત રમીને ઘેર જતા ના હોય !

કામમાં પણ રમત જેવો આનંદ લૂંટે.

એટલે મજૂરી વેઠ જેવી ના લાગે.

❑

## ૫. ખેતરમાં કપાસ વીણવા

શાળાની રજામાં મોટાને નવરા બેસવું જરાયે ના ગમે.

આસપાસનાં ખેતરોમાં કપાસ વીણવાનો સમય આવે.

ખેડૂત, કપાસ વીણવા મજૂરોને રોકે.

મોટા, આવી તક શાના ચૂકે ?

તે પણ ખેતરે કામ કરવા પહોંચી જાય.

કાલાં વીણવાનું કામ મોટા ખૂબ હોંશથી કરવા મંડી જાય.

નાના નાના હાથ ઝડપથી કામ કરે.

મોટા, મોટેરા મજૂરોને પણ ટપી જાય.

મજૂરો તો રીઢા થઈ ગયેલા હોય.

થોડુંક કામ કરે અને બીડી પીવા બેસે.

બીડી પીતાં પીતાં ગામગપાટા હાંકે.

વળી, મજૂરો કામ પણ ધીમે ધીમે કરે.

કાયાને કષ્ટ જેટલું ઓછું થાય એટલું સારું.

કામ ઓછું કરો કે વધારે, પણ મજૂરી તો એટલી જ મળશેને ?

પછી કામ વધારે શા માટે કરવું ?

આવું મજૂરો માને.

પણ મોટા, કામચોરી ના કરે.

મોટા, નાનપણથી માનતા હતા :

'આપણને સોંપેલું કામ બરાબર કરવું જોઈએ.

'તો જ ભગવાન રાજી થાય.

'દાનત તેવી બરકત.

'શુદ્ધ દાનતથી કામ કરીએ, તો એનું ફળ પણ સારું મળે.'

આવા વિચારો નાનકડા મોટાના હતા.

તેથી, મોટા, ખેતરમાં પણ આખો દિવસ ઉમંગથી કામ કરે.

સાંજ સુધીમાં કાલાંનો ઢગ ખડકી દે.

ખેડૂત ખુશ ખુશ થઈ જાય.

મોટાનો વાંસો થાબડીને ખેડૂત કહે :

'શાબાશ ! છોકરા, શાબાશ !'

❑

## ૬. રોપણી કરવા પણ તૈયાર

ખેતરમાં રોપણીનો સમય આવે.

મોટા, એ કામ કરવા પણ તૈયાર.

મોટા, ખેતરમાં મજૂરીએ દોડી જાય.

ખેડૂત, નાનકડા છોકરા જેવા મોટાને જોઈને કહે :

'અલ્યા છોકરા, સાંભળ. ધરુ રોપવામાં ઢીલ ના ચાલે.

'વરસાદ ધોધમાર ભલે વરસતો હોય.

'પણ કામ બરોબર ચાલુ રાખવું પડે.

'આમાં નાના છોકરાનું કામ નહિ.

'જા, સોબતીઓ સાથે ખેલ-કૂદ.'

મોટા, વિનયપૂર્વક બોલ્યા :

'ભાઈ, મને કામ આપી જુઓ.

'કામ જોઈને મજૂરી ચૂકવજો.'

ખેડૂત કહે :

'ભલે, ભલે ! પણ આટલું ધ્યાન રાખજે.

'તારે મોટેરાંની માફક કામ કરવું પડશે.

'બધાંની હરોળમાં રહેવું પડશે.'

'એ લોકોની બરોબરીનું કામ કરવું પડશે.

'બોલ, છે તૈયાર ?

'વચ્ચેથી છટકી જશે, તો એક પાઈ પણ નહિ આપું.'

મોટાએ રાજીખુશીથી હા પાડી.

તે ક્યારીમાં ઊતરી પડ્યા.

મજૂરોની લાંબી હરોળમાં ઊભા રહી ગયા.

પણ ડાંગરનું ધરુ રોપવું એટલે શું ?

આખો દિવસ પાણી ભરેલી ક્યારીમાં ઊભા રહેવું પડે.

કોઈવાર ધોધમાર વરસાદ પણ પડતો હોય. આખો દિવસ ભીનાશમાં ઊભાં ઊભાં વાંકા વળીને રોપણી કરવી પડે.

નાનકડા મોટા, આખો દિવસ ધોધમાર વરસાદમાં પગ ખૂંપી જાય એવા કાદવમાં બરોબર કામ કરે.

નાના છોકરાનું કેટલું ગજું ?

સાંજે મોટા, થાકીને લોથપોથ થઈ જાય !

પણ મોટા, થાકને શાના ગણકારે ?

એમને તો ઘેર માબાપને થોડીઘણી મદદ કરવામાં જ સંતોષ.

❑

## ૭. બોલ્યું પાળ્યું

મોટાને ઘેર એક ગાય હતી.

ગાયને બાંધવાની જગ્યા નહિ.

એટલે ઘરની પાસે રસ્તા ઉપર જ એને બાંધવામાં આવતી.

બા, ઘરનું બધું કામ કરે.

વળી, બીજાં ઘરોનાં પણ બા કામકાજ કરવા રોજ જાય.

તેથી, ગાયની સંભાળ લેવાતી નહિ.

એક દિવસ બા, ઘરમાં કહે :

‘આપણું માંડ માંડ પૂરું થાય છે.

'તો પછી આ ગાયને ક્યાંથી ખવડાવવી ?

'ગાયમાતા ભૂખી રહે તો આપણને પાપ જ લાગે.

'વળી, હું આખો દિવસ કામના ઢસરડામાંથી ઊંચી આવતી નથી.

'તેથી, મારાથી ગાયની સંભાળ લેવાતી નથી.'

'મને આ વાતનો મનમાં વસવસો રહે છે.'

'માટે આપણે ગાયને વેચી દઈએ તો સારું .'

નાનકડા મોટા, ખૂણામાં બેસીને અભ્યાસ કરતા હતા.

બાની વાત સાંભળીને મોટા બોલ્યા :

'બા, આ ગાય તારું બાળક હોત તો ?'

'શું તું એને વેચી દેત ?'

આ સાંભળી બા બોલી ઊઠ્યાં :

'અલ્યા ચૂનિયા, તને વચ્ચે ડબડબ કરવાની બહુ ખરાબ ટેવ છે !

'છાનોમાનો અભ્યાસ કર્યા કરને !

'ગાયને પાળવી એ કંઈ સહેલું કામ નથી.

'એનો તેં વિચાર-બિચાર કર્યો કે ?

'આપણી પાસે ગાયને બાંધવા માટે અલગ જગ્યા નથી.

‘ગાય માટે ઘાસ વેચાતું લાવી શકાતું નથી.
‘છાણમૂતરથી રસ્તો બગડે છે.
‘એને લીધે રોજ મારે ગામલોકોનું સાંભળવું પડે છે.
‘આ બધાંનો જરા વિચાર કર.
‘નકામો ડહાપણ ડહોળ નહિ.
‘તારાથી આ બધું થશે ખરું ?
‘પછી અભ્યાસ ક્યારે કરશે ?
મોટાએ શાંતિથી બાને કહ્યું :
‘બા, તારી વાત સાચી છે.
‘પણ હવે બધી ગંદકી હું સાફ કરીશ.
‘ગાય માટે ઘાસચારો લઈ આવીશ.
‘ગાયને રોજ નવડાવીશ-ધોવડાવીશ.
‘વળી, મારો અભ્યાસ પણ બરોબર કરીશ.
‘એમાં જરાયે કચાશ ના આવવા દઉં.’
‘બોલ, બા ! હવે તો ગાય નહિ વેચેને ?’
‘ગાય તો આપણી માતા કહેવાય.
‘એની તો પૂજા કરવી જોઈએ.’
બાએ નાનકડા મોટાની વાત હસી કાઢી.
બા કહે :

‘હવે રહેવા દે તારી શેખી !

‘બોલવું સહેલું છે, પણ પાળવું બહુ અઘરું છે.

‘જોઉં છું, ગાયની તું કેવી સંભાળ લે છે !

‘બોલ્યું પાળે, તો તું ખરો.’

બીજે જ દિવસે મોટા, વહેલા ઊઠ્યા.

છાણ એકઠું કરીને એનો એક બાજુએ ઢગલો કર્યો.

ગાયનાં છાણમૂતરથી રસ્તા ઉપર ખૂબ ગંદકી થઈ હતી.

મોટાએ એ જગ્યાએ કોરી માટી લાવીને છાંટી દીધી.

આથી, ભેજ ઓછો થયો.

માખી બણબણતી ઓછી થઈ.

હવે ઘાસચારાનું શું ?

કાલોલ ગામ, તાલુકાનું મુખ્ય મથક.

ત્યાંનો વેપાર સારો ચાલે.

વહેલી સવારથી આસપાસનાં ગામોમાંથી ગાડે-ગાડાં આવે.

ગાડાંમાં અનાજ, શાકભાજી વગેરે ભરેલાં હોય.

ગામની ભાગોળે બધાં ગાડાં છૂટે.

ગાડાવાળા બળદને છોડી નાખે.

પૂળા ખાવા નીરે.

પછી તેઓ બજારમાં કામે જાય.

કામ પૂરું કરીને ગામલોકો પાછા ભાગોળે આવે.

સાંજની વેળાએ બધાં ગાડાં જતાં રહે.

મોટા, સાંજે ભાગોળે જાય.

ત્યાં ખાધા વિનાના સારા પૂળા ભેગા કરે.

એનો ભારો બાંધીને મોટા, ઘેર લઈ આવે.

પૂળા ગાયને નીરે.

મોટા, જે શાળામાં ભણતા હતા, ત્યાં ખેડૂતના છોકરાઓ પણ ભણવા આવતા.

મોટાને બધા વિદ્યાર્થીઓ સાથે ભાઈબંધી.

મોટા, સવારે કે સાંજે એ છોકરાઓનાં ખેતરે જાય.

તેમની રજા લઈને ખેતરના શેઢા ઉપરનું ઘાસ કાપતા.

ગાયને લીલું તાજું ઘાસ પ્રેમથી ખવડાવે.

આ બધું જોઈને બા, રાજી રાજી થઈ ગયાં.

બાને થયું :

'ચૂનિયાએ આખરે બોલ્યું પાળ્યું ખરું !'

❑

## ૮. શાળામાં સફાઈકામ કરીને ભણ્યા

એ અરસામાં કાલોલમાં અંગ્રેજી શાળા નવી શરૂ થઈ.

મોટાને અંગ્રેજી શાળામાં ભણવાનું ખૂબ મન થયું.

પરંતુ શાળા નવી, એટલે ફી રાખેલી.

હવે ફીનું શું કરવું ?

ઘેરથી કોઈ પણ જાતની મદદ મળે એમ ન હતું.

મોટા, મૂંઝવણમાં પડી ગયા.

પરંતુ જ્યાં મક્કમ નિરધાર હોય, ત્યાં ભગવાન મારગ મોકળો કરી આપે છે.

એવામાં મોટાને એક ઉપાય સૂઝી આવ્યો.

તે હિંમત કરીને શાળાના મુખ્ય શિક્ષક પાસે ગયા.

મોટાએ મુખ્ય શિક્ષકને પ્રણામ કર્યા.

વિનયપૂર્વક મોટાએ કહ્યું :

'સાહેબ, મારે આપની શાળામાં ભણવું છે.

'મારા ઘરની સ્થિતિ ગરીબ છે.

'એટલે ફી ભરવાનું મારું ગજું નથી !

'પરંતુ સાહેબ, મારા ઉપર આટલી મહેરબાની કરો.

'મને શાળામાં સફાઈકામ કરવાનું ગોઠવી આપો.

'એમાંથી હું ફી વગેરેનો ખરચ કાઢીશ.'

મુખ્ય શિક્ષક ભલા અને સમજદાર હતા.

ઉત્સાહી વિદ્યાર્થીની વાત સાંભળીને તે રાજી થયા.

તેમણે મોટાને શાળાનું સફાઈકામ સોંપ્યું.

મોટાએ બીજા દિવસથી જ સફાઈકામ શરૂ કરી દીધું.

મોટા, શાળાનું આખું મકાન બરાબર વાળે.

બૅંચો, ખુરશીઓ, ટેબલો, પાટિયાં બધું ઝાપટીને બરોબર સાફ કરે.

ક્યાંય ધૂળ જોવા ના મળે.

કામમાં મોટા, જરાયે કચાશ ના કરે.

કોઈવાર મોટાને પટાવાળાનું કામ પણ સોંપવામાં આવે.

મોટા, એ કામ પણ ઉમંગથી કરે.

મોટામાં નાનપણથી એક મોટો સદ્‌ગુણ હતો :

'આપણે ભાગે જે કંઈ કામ કરવાનું આવે, તે સાચા દિલથી અને વ્યવસ્થિત રીતે કરવું.

'જરાયે આળસ કે પ્રમાદ નહિ.'

મોટા, આવું બધું કામ કરે અને ભણે પણ બરાબર.

મોટા, સમજતા હતા કે –

'હું ભણવા માટે શાળામાં દાખલ થયો છું.

'ભણવા માટે શાળામાં સફાઈકામ કરું છું.

'એટલે મારો પ્રથમ ધર્મ અભ્યાસ ધ્યાનપૂર્વક કરવાનો છે.

'એમાં ગફલત ના ચાલે.'

એટલે મોટા, ખૂબ ધ્યાન દઈને અભ્યાસ કરે.

વર્ગમાં પહેલો નંબર રાખે.

❑

## ૯. દોઢ વર્ષમાં ચાર ધોરણ !

મોટા, કાલોલમાં અંગ્રેજી શાળામાં ભણતા હતા.

મોટા, ભણતા હતા ખરા.

પણ તેમને વારે વારે ઘરની ગરીબાઈના વિચારો આવ્યા કરે.

જલદી જલદી ભણવાનું પૂરું થઈ જાય, તો કેવું સારું !

કોઈ નોકરીએ વહેલો લાગી જાઉં.

તેથી, માબાપને ઢસરડામાંથી રાહત આપી શકાય.

એક દિવસ મોટાને વિચાર આવ્યો :

'પ્રભુકૃપાથી બેચાર વર્ષ કૂદી શકાય, તો કેવું સારું !

'મારાં એટલાં વર્ષ બચી જાય.'

મોટાએ મુખ્ય શિક્ષકને વાત કરવા વિચાર્યું.

મોટામાં નાનપણથી એક વાતની સ્પષ્ટ સમજ હતી.

'આપણે શુભ હેતુથી કશું કરવા માગતા હોઈએ, તો પ્રાર્થનાભાવે પ્રભુજીને ચરણે વ્યક્ત કરતા રહેવું.

'આથી, આપણા એ શુભ હેતુનું પરિણામ સારું આવે.

'આપણા વિરોધી માટે પણ મનમાં સદ્ભાવ રાખવો.

'તેના ભલા માટે પ્રાર્થના કરવી.

'આમ કરવાથી તેની સાથે સુમેળ સધાય છે.'

વિદ્યાર્થી મોટાએ પોતાનો શુભ હેતુ આંખ સામે રાખ્યો.

દિલમાં પ્રાર્થનાનો ભાવ દૃઢ કર્યો.

એ રીતે મુખ્ય શિક્ષક સાથે સંબંધ બાંધ્યો.

મોટા, મુખ્ય શિક્ષકને ઘેર જાય.

બજારમાંથી શાકભાજી વગેરે લઈ આવે.

ઘરકામમાં કંઈક ને કંઈક મદદ કરે.

છોકરાંને હસાવે રમાડે પણ ખરા.

આથી, મુખ્ય શિક્ષકનાં પત્ની પણ મોટા ઉપર ભાવ રાખે.

મોટાને કંઈક ને કંઈક ખાવાનું પણ આપે.

ઘરના દીકરા જેવો ભાવ બતાવે.

આમ કરતાં કરતાં મોટા, ઘરના માણસ જેવા બની ગયા.

મુખ્ય શિક્ષક પણ મોટાને ભણવામાં મદદ કરે.

પછી મોટાએ એક દિવસ વાત વાતમાં મુખ્ય શિક્ષકને કહ્યું :

'સાહેબ, મારા ઘરની સ્થિતિ આપ જાણો છો.

'એટલે મારે થોડા વખતમાં વધારે ધોરણ કરી લેવાં છે.

'થોડાં વર્ષ બચે, તો બાપાને, જલદી મદદ કરી શકું.'

મુખ્ય શિક્ષક એમને મદદ કરવા તૈયાર થયા.

મોટા પણ ખંતથી ભણવા લાગ્યા.

તેમણે અંગ્રેજી ચાર ધોરણ દોઢ વર્ષમાં પૂરાં કર્યાં.

❑

## ૧૦. ઇન્સ્પેક્ટરનું દિલ જીત્યું

મોટાએ મુખ્ય શિક્ષકની મદદથી દોઢ વર્ષમાં અંગ્રેજી ચાર ધોરણ પૂરાં કર્યાં ખરાં.

પણ પરીક્ષાનું શું ?

મોટાએ મુખ્ય શિક્ષકને આ વિશે પૂછ્યું.

મુખ્ય શિક્ષકે તેમને જવાબ આપ્યો :

'મને પરીક્ષા લેવામાં વાંધો નથી.

'પરંતુ એ માટે શિક્ષણખાતાની રજા લેવી પડે.'.

'ઈન્સ્પેકટરસાહેબને એ લેવાની સત્તા છે.'

મોટા, આ મુશ્કેલીમાંથી મારગ કાઢવા તૈયાર થયા.

'હિંમતે મર્દા તો મદદે ખુદા.'

મોટા, હિંમત કરીને ઈન્સ્પેકટરસાહેબ પાસે પહોંચી ગયા.

મોટા, તેમની પાસે જઈને પ્રણામ કરીને ઊભા રહ્યા.

સાહેબે માથા ઉપર પાઘડી પહેરી હતી.

એ તરફ મોટાનું ધ્યાન ગયું.

મોટાએ એમને વિનયથી કહ્યું :

'સાહેબ, એક વાત કહું ?

'આપની પાઘડી ઝાંખી પડી ગઈ છે.

'મને રંગવા આપો.

'હું સરસ રંગીને લઈ આવું.'

સાહેબને નાનકડો છોકરો ગમી ગયો.

તેમણે મોટાને પોતાની પાઘડી રંગવા આપી.

મોટાએ ખૂબ કાળજીથી પાઘડીને સરસ રંગી.

મોટાના પિતા રંગરેજ હતા.

એટલે મોટાને રંગવાનું કામ આવડતું હતું.

એમણે મન દઈને પાઘડીને રંગી.

મોટાને તો કોઈ પણ હિસાબે સાહેબને રાજી કરવા હતા.

મોટા, પાઘડી લઈને સાહેબ પાસે ગયા.

સાહેબે પાઘડી પહેરી.

મજાની પાઘડી જોઈને સાહેબ રાજી રાજી થઈ ગયા.

સાહેબે મોટાને શાબાશી આપી.

આવી સરસ પાઘડી રંગવા માટે સાહેબ, મોટાને પૈસા આપવા માંડ્યા.

મોટાએ વિનયપૂર્વક પૈસા લીધા જ નહિ.

સાહેબે મોટાને કહ્યું :

'છોકરા, કંઈ કામકાજ હોય તો કહેજે.'

મોટાને પણ એ જ જોઈતું હતું.

તેમણે નમ્રતાપૂર્વક સાહેબને અરજ કરી :

'સાહેબ, એક વિનંતી કરવી છે.'

'મારા ઘરની સ્થિતિ ઘણી નબળી છે.'

'એટલે મારે થોડા વખતમાં અભ્યાસ પૂરો કરવો છે.

'જેથી, બાપાને મદદ કરવા કામે લાગું.

'મેં મિડલ સ્કૂલનો બધો અભ્યાસ બરોબર પૂરો કર્યો છે.

'હવે, છેલ્લી પરીક્ષા બાકી છે.

'એ પરીક્ષા લેવાની સત્તા આપશ્રીના હાથમાં છે.

'કૃપા કરી મને પરીક્ષા આપવાની રજા આપો.

'હું આપનો આભાર કદી ભૂલીશ નહિ.'

'છોકરા, ગભરાઈશ નહિ.

'બધું થઈ રહેશે.'

એક દિવસ સાહેબ શાળાની મુલાકાતે આવ્યા.

તેમણે મુખ્ય શિક્ષકને મોટાના અભ્યાસ વિશે પૂછ્યું.

મુખ્ય શિક્ષક મોટાના અભ્યાસથી, એમના વિનયવિવેકથી, એમના કામકાજથી ખુશ હતા.

મુખ્ય શિક્ષકે મોટા વિશે ઘણો સારો અભિપ્રાય આપ્યો.

સાહેબને સંતોષ થયો.

તેમણે મોટાની પરીક્ષાનું ગોઠવી આપ્યું.

મોટાએ ઘણી સારી રીતે પરીક્ષા પાસ કરી.

❑

## ૧૧. 'મારું કામ જુઓ, પછી રાખજો.'

કાલોલ ગામમાં અંગ્રેજી ચાર ધોરણ સુધીની જ શાળા હતી.

પાંચમા ધોરણ માટે બહારગામ જવું પડે.

માબાપે મોટાને કહ્યું :

'દીકરા, વધારે ભણીને શું કરીશ ?

'આપણે રહ્યાં ગરીબ માણસ !

'આટલું ભણતર બહુ થયું.

'હવે, કશે ધંધે વળગી જા.

'ઘરમાં બે પૈસાની મદદ થાય.'

મોટા, વયમાં નાના હતા.

પણ સમજદાર હતા.

મોટાને પણ થયું :
‘બાપા બિચારા કેટલું ખેંચે ?
‘બા પણ બીજાં ઘરોનાં કામકાજ કરીને ઊંચી આવતી નથી.
‘હમણાં થોડો વખત કંઈ કામધંધો કરું.
‘પછી ભણવાનું થઈ રહેશે.’
મોટા, નોકરી કરવા તૈયાર થયા.
બાપા એમને ગોધરા લઈ ગયા.
બાપાને ગોધરામાં એક વેપારી ઓળખતો હતો.
બાપા એની પાસે ગયા.
બાપાએ વેપારીને ઘરની સ્થિતિ વિશે વાત કરી.
પછી બાપાએ અરજ કરતાં કહ્યું :
‘શેઠજી, મારા દીકરાને આપની દુકાને નોકરીએ રાખો.
‘મોટી મહેરબાની થશે.’
વેપારી, છોકરા જેવા મોટાને જોઈને કહે :
‘ભગત, તમારો દીકરો તો હજી નાનો છે !
‘એને નોકરીએ રાખીને શું કરું ?
‘એને કામ પણ શું આપું ?
‘એનાથી કામ નહિ થાય !’

એ સાંભળીને મોટાએ મક્કમ અવાજે કહ્યું :
'શેઠજી, થોડા દિવસ મારું કામ જુઓ.'
'ઠીક લાગે તો રાખજો.'
વેપારીએ મોટાને રાખી લીધા.
તેણે મોટાને દુકાન વાળવાનું કામ સોંપ્યું.
બીજું પરચૂરણ કામ પણ સોંપવાનું રાખ્યું.
મોટા, રોજ વહેલી સવારે ઊઠી જતા.
દુકાનની કૂંચીઓ લઈ જઈ દુકાન ઉઘાડતા.
બધું વાળીઝૂડીને બરાબર સાફ કરતા.
મોટાએ વેપારીની ગાદી ઉપરની ચાદર જોઈ.
તકિયાના ગલેફ વગેરે જોયું.
એ બધાં ખૂબ મેલાં હતાં !
શાહીના કાળા ડાઘાવાળાં હતાં.
મોટાને નાનામાં નાનું કામ પણ ઉત્તમમાં ઉત્તમ રીતે કરવાનું ગમતું.
વળી, મોટા, વેપારીનું મન જીતવા માગતા હતા.
તો જ શેઠ એમને નોકરીએ રાખેને ?
મોટા, ચાદર, ગલેફ વગેરે રોજ ઘસી ઘસીને ધોતા.
એક પણ કરચલી ના પડે એમ પાથરતા.
મોટા, બધું સાફ-સૂથરું રાખતા.

મોટા, દુકાનમાં દાખલ થતા ત્યારે દુકાનને ભાવનાથી પગે લાગતા.

કંકુ, ફૂલ, ચોખા રોજ ઊમરા ઉપર ચઢાવતા.

મનમાં શુભ પ્રાર્થના કરતા.

વેપારી, નાનકડા છોકરાનું આ બધું સુઘડ અને વ્યવસ્થિત કામ જોયા કરતો.

વેપારી બહુ પ્રસન્ન થયો.

તેણે મોટાને નોકરીએ રાખી લીધા.

પગાર મહિને માત્ર પાંચ રૂપિયા !

તે કાળમાં એટલા પણ બહુ કહેવાય.

❑

## ૧૨. જૂઠનો વેપાર ના થાય !

મોટા, વેપારીને ત્યાં ઠરીઠામ થઈ ગયા.

વેપારીને થયું :

'છોકરો નાનો છે, પણ હોશિયાર અને મહેનતુ છે.

'એનામાં આવડત પણ છે.

'જવાબદારીવાળું કામ કરે એવો છે.'

એટલે વેપારીએ ધીમે ધીમે જવાબદારીવાળું કામ સોંપવા માંડ્યું.

ગામડેથી ખેડૂતો અનાજનાં ગાડાં લઈને આવે.

વેપારીએ મોટાને બોલાવીને કહ્યું :
'છોકરા, તને અનાજ જોખતાં આવડતું હશે.
'આ ખેડૂતોનું અનાજ તોલવા બેસ.
'જોજે, બરાબર જોખજે.
'આપણને ખોટ આવવી ના જોઈએ.
'બરાબર ધ્યાનથી કામ કરજે.'
મોટા, ખેડૂતોનું અનાજ તોળવા બેસી ગયા.
મોટા, સૌને સરખી રીતે તોળી આપતા.
વેપારીઓ સામાન્ય રીતે મણ ઉપર બશેર અઢીશેર અનાજ લઈ લેતા હોય છે.
એમાં તેઓ ખોટું ગણતા નથી.
આ શેઠને પણ થયું :
'આ છોકરાને આ રીતે જોખતાં આવડતું હશે કે ?'
તેણે મોટાને પાસે બોલાવીને કહ્યું :
'છોકરા, તને જોખવાની રીત શીખવું છું.
'એ તું ધ્યાન દઈને જો.
પછી વેપારીએ મોટાને પાઠ શીખવવા માંડ્યો :
'ત્રાજવાને સિફતથી અમુક ઝોક આપવો.
'સામા માણસને એની જાણ પડવા ના દેવી.

'સહેજે એક મણે બશેર-અઢીશેર અનાજ વધારે આવી જાય !'

વેપારીએ એ પ્રમાણે જોખી પણ બતાવ્યું.

મોટાએ બધું શાંતિથી જોયું.

પાછા મોટા, અનાજ જોખવાના કામમાં લાગી ગયા.

પણ મોટાએ આ ખોટી રીતનો ઉપયોગ ના કર્યો.

બરાબર માપ પ્રમાણે જ મોટા, અનાજ જોખવા મંડી પડ્યા.

એક દિવસ એક ખેડૂતને મનમાં શંકા ગઈ :

'આ છોકરો મને છેતરતો તો નથીને ?

'વધારે અનાજ તફડાવી લેતો હશે !'

એટલે એ ખેડૂત ઝઘડો કરવા લાગ્યો :

'એય છોકરા, જરા સરખું અનાજ જોખને !'

'આમ, વધારે અનાજ શાનો પડાવી લે છે ?'

'અમને ગમાર સમજે છે કે શું ?'

બૂમાબૂમ સાંભળીને વેપારી ત્યાં દોડી આવ્યો.

તેણે ખેડૂતને શાંત પાડતાં કહ્યું :

'ભાઈ, શા માટે બૂમાબૂમ કરો છો ?

'જે કંઈ હોય એ મને કહોને !

ખેડૂત ધૂંધવાતો બોલ્યો :

'આ છોકરો ઝડપથી અનાજ જોખીને વધારે અનાજ લઈ લેતો લાગે છે !

'આજકાલનો આ છોકરો આંખમાં ધૂળ નાખીને અમને છેતરી જાય, એ કેમ ચાલે ?

'હરામનો માલ નથી આવ્યો.

'પરસેવો પાડીને પકવ્યો છે.'

વેપારીને મનમાં ચટપટી થઈ આવી :

'અરે, મેં જ છોકરાને ખોટી રીતે અનાજ જોખતાં શીખવેલું છે.

'આ ખેડૂત અનાજને ફરીથી જોખવા કહેશે, તો ભાંડો ફૂટી જશે !

'ગરીબ બિચારો છોકરો જૂઠો ઠરશે !'

વેપારી, બચાવ કરવા ખાતર જરા ખોંખારીને બોલ્યો :

'અરે પટેલ, તમે તો ખરા છો !

'તમારો એક દાણો પણ હરામનો લેવો અમને ના પાલવે.

'આ છોકરો આવું કરે એવો નથી.

'હું એને બરોબર ઓળખું છું.

'તે હાથનો ચોખ્ખો છે.'

પરંતુ ખેડૂત એકનો બે ના થયો.

તેણે ફરીથી અનાજ જોખવા કહ્યું.

વેપારીનો જીવ અધ્ધર થઈ ગયો !

તેને મનમાં થયું :

'બિચારા છોકરાએ મારા કહ્યા પ્રમાણે જ અનાજ જોખ્યું હશે !

'હવે શું થાય ?'

પરંતુ મોટાને કશો ભય ન હતો.

તે શાંત બેઠા હતા.

બીજો એક માણસ અનાજ જોખવા લાગ્યો.

જુએ તો, વજન જેટલું જ અનાજ જોખેલું હતું !

એક મૂઠીભર પણ દાણા વધારે ન હતા !

ખેડૂત ભોંઠો પડી ગયો !

પછી પેલો ખેડૂત ગયો.

એટલે શેઠે મોટાને ધમકાવીને કહ્યું :

'અલ્યા, તું તો મારું દેવાળું કાઢે એવો છે !

'જરા વહેવાર શીખ.

'આ દુનિયામાં સતવાદી હરિશ્ચંદ્રનું કામ નથી.

'માટે હવે જરા ડાહ્યો થા.

'મેં બતાવ્યું છે એ મુજબ જોખવાનું રાખ.'
મોટાને આવું જૂઠાણું ક્યાંથી ગમે ?
મોટાએ વિનયથી કહ્યું :
'શેઠજી, માફ કરજો.
'મારાથી જૂઠનો વેપાર નહિ થાય !
'મારું મન ના પાડે છે.'
મોટાને પૈસાની જરૂર હતી.
બાપાને મદદરૂપ થવાની ઈચ્છા હતી.
છતાં પણ મોટાએ નોકરી છોડી દીધી.

❑

## ૧૩. વિદ્યા વિનયથી શોભે

હવે, ઘેર બેસીને શું કરવું ?
મોટાની ઈચ્છા આગળ ભણવાની હતી.
પણ કાલોલમાં તો અંગ્રેજી ચાર ધોરણની જ શાળા હતી.
વધારે ભણવા માટે બહારગામ જવું પડે.
પિતાજી બીજે મોકલી શકે એમ ન હતું.
ત્યાં તો કાલોલ શાળાના મુખ્ય શિક્ષક મોટાની વહારે આવ્યા.
તેમનું નામ હતું ઘનશ્યામરાય મહેતા.

સૌ તેમને ઘનુભાઈ કહીને બોલાવતા.

ઘનુભાઈને હોશિયાર વિદ્યાર્થીઓ તરફ સ્નેહ-ભાવ હતો.

મોટા, હોશિયાર અને વિનયશીલ વિદ્યાર્થી હતા.

'વિદ્યા વિનયથી શોભે.'

મોટા, વિનયથી સૌનું દિલ જીતી લેતા.

ઘનુભાઈને મોટાના અભ્યાસની ચિંતા થતી હતી.

આવો લાયક વિદ્યાર્થી ભણવાને બદલે નોકરીની ઘટમાળમાં પડે, એ તેમને ક્યાંથી ગમે ?

ઘનુભાઈએ એક દિવસ મોટાને બોલાવીને પૂછ્યું :

'તારે આગળ ભણવા પેટલાદ જવું છે ?'

મોટાએ પોતાની મુશ્કેલી જણાવી :

'સાહેબ, ભણવા માટે ક્યાંય પણ જવા હું તૈયાર છું.

'પરંતુ જવું શી રીતે ?

'ખરચની મુશ્કેલી છે !'

ઘનુભાઈએ એ માટે વ્યવસ્થા કરી આપી.

તેમનાં માસીબા પેટલાદમાં રહે.

તેમનું નામ પ્રભાબા.

પ્રભાબા ઘણીવાર કાલોલ આવતાં.

એટલે તે મોટાને ઓળખતાં હતાં.

ઘનુભાઈએ માસીબાને વાત કરી.

માસીબા, મોટાને ઘેર રાખવા તૈયાર થયાં.

પ્રભાબા, ગરીબો તરફ સહાનુભૂતિ રાખતાં.

જરૂર પડે મદદ પણ કરતાં.

મોટા, ભણવા માટે તેમને ઘેર રહ્યા, એ તેમને ઘણું ગમ્યું.

પણ મોટાને મનમાં થયું :

'હું ભણવા માટે ગામ અને માબાપને છોડીને અહીં આવ્યો છું.

'હું બીજાને ઘેર રહું છું.

'કોઈને મારે ભારરૂપ ના થવું જોઈએ.

'એવી રીતે રહેવું કે ઘરના માણસો રાજી થાય.'

એટલે મોટા, ઘરનાં નાનાંમોટાં કામમાં ઉમંગથી મદદ કરવા લાગ્યા.

નોકરના કામકાજમાં ભળતા.

રસોઈયાને પણ મદદ કરે.

ઘરનાં નાનાં બાળકોને હસાવે રમાડે.

સારી સારી વાર્તા કહે.
ભણાવે પણ ખરા.
મોટા, થોડાક જ દિવસમાં બધાં સાથે ભળી ગયા.
દૂધમાં સાકર ભળી જાય તેમ.
મોટાનો સ્વભાવ મળતાવડો અને પ્રેમાળ.
એટલે મોટા, ઘરના માણસ જેવા બની ગયા.
પેટલાદ હાઈસ્કૂલના આચાર્ય, ઈશ્વરભાઈ પટેલ હતા.
તે વિદ્યાર્થીઓના હિતનું બરાબર ધ્યાન રાખે.
ગરીબ, નિરાધાર, મહેનતુ વિદ્યાર્થીને સહાય કરવા સદા તૈયાર.
અભ્યાસમાં પણ તે મદદ કરે.
આવા પ્રેમાળ આચાર્ય, મોટાને મળ્યા.
સોનામાં જાણે સુગંધ ભળી.
મોટાનો અભ્યાસ સારો ચાલ્યો.

❑

## ૧૪. સંતે સહાય કરી

જાનકીદાસજી નામે એક સંત હતા.
તેઓ અવારનવાર પેટલાદ પધારતા હતા.
રંગવાલા શેઠ ધાર્મિક હતા.

સંત-સાધુના ચાહક હતા.

કોઈ ને કોઈ સંત-સાધુ તેમને ત્યાં પધારતા જ હોય.

જાનકીદાસજીનો ઉતારો તેમને ત્યાં રહેતો.

મોટા, જાનકીદાસજીનાં દર્શને જતા.

સામાન્ય રીતે લોકો સાધુ-સંતોનાં દર્શને જાય, તેમનો ઉપદેશ સાંભળે અને એક બાજુએ બેસી રહે.

મોટાને આ ગમતું નહિ.

મોટા, મહારાજશ્રીના ઓરડાને વાળીઝૂડીને સાફ કરે.

તેમનાં કપડાં સુકાઈ ગયાં હોય, તો બરાબર ગડી વાળીને એની જગ્યાએ મૂકતા.

ઓરડામાં વસ્તુઓ આડીઅવળી પડેલી હોય, તો બધી વસ્તુઓને બરોબર ગોઠવી દેતા.

આમ, વિદ્યાર્થી મોટા, કંઈ ને કંઈ કામ કરતા જ હોય.

જાનકીદાસજી એ બધું બરાબર નિહાળતા.

એક દિવસ જાનકીદાસજીએ મોટાને પાસે બોલાવીને પૂછ્યું :

‘છોકરા, તું ક્યાં રહે છે ?

‘શું ભણે છે ?

મોટાએ સંતજીને બધી વાત કહી.

જાનકીદાસજીએ બધી વાત ધ્યાનથી સાંભળી.

પછી મોટાને માથે હાથ ફેરવીને, બરડો થાબડીને સંતજીએ કહ્યું :

‘બચ્ચા, શાંતિથી ધ્યાન દઈને અભ્યાસ કરજે.

‘ભણવામાં આળસ કદી ના કરવી.

‘મારું કંઈ કામકાજ હોય, તો જરાયે સંકોચ વિના કહેજે.’

આમ કરતાં કરતાં મોટા મૅટ્રિકમાં આવ્યા.

એ વખતે જાનકીદાસજી, મોટાને પાસે બોલાવી પ્રેમથી બોલ્યા :

‘બેટા, તું હવે મૅટ્રિકમાં છે.

‘બધો અભ્યાસ બે મહિનામાં ઝડપથી પૂરો કરી નાખજે.’

મોટાએ સંતજીને હાથ જોડીને કહ્યું :

‘બાપજી, એ શી રીતે બને ?

‘હું રહ્યો ગરીબ.

‘કોઈ શિક્ષકનું ટ્યૂશન શી રીતે રાખી શકું ?’

‘મારા એકલાથી અભ્યાસ ના થાય.’

સંતજીએ હેતથી કહ્યું :

'બચ્ચા, તું જરા પણ ગભરાતો નહિ.

'હું એ માટે બધું ગોઠવી આપીશ.'

પછી સંતજીએ શાળાના શિક્ષકોને બોલાવીને કહ્યું :

'આ છોકરાને બે માસમાં મૅટ્રિકનો બધો અભ્યાસ પૂરો કરાવી દેજો.'

'કોઈ વિષય કાચો ના રહી જાય.'

શિક્ષકોએ ખાસ ધ્યાન આપીને એ પ્રમાણે કર્યું.

હવે, પ્રિલિમિનરી પરીક્ષાને થોડી વાર હતી.

મોટા, પોતાના મોટાભાઈને મળવા અમદાવાદ ગયા.

ત્યાં તે ખૂબ માંદા પડી ગયા !

માંદગી લાંબી ચાલી.

છેવટે સાજા થયા ખરા.

પણ શરીર ખૂબ જ નબળું પડી ગયું !

દાક્તરે આ જોઈને સલાહ આપી :

'આ વર્ષે મૅટ્રિકની પરીક્ષા ના આપવી.

'પૂરતો આરામ લેવો.

'નહિ તો પાછો ઊથલો આવશે.'

મોટા, પેટલાદ આવ્યા.

તેમણે આચાર્યસાહેબને વાત કરી.

આચાર્યશ્રીએ મોટાને હિંમત આપી.

પરીક્ષા આપી દેવાની સલાહ આપી.

તેમણે કહ્યું :

'તેં બહુ ઝડપથી બધો અભ્યાસ પૂરો કરી નાખ્યો છે.

'તું જરૂર સારા નંબરે પાસ થઈ જશે.

'ભગવાનનું નામ લઈને પરીક્ષા આપી દે.'

એ જ અરસામાં જાનકીદાસજી પેટલાદ પધાર્યા.

મોટાએ રડમસ અવાજે સંતજીને હાથ જોડીને બધી વાત કહી.

જાનકીદાસજી હેતથી બોલ્યા :

'બેટા, તું જરૂર સારી રીતે પાસ થઈ જશે.'

'હિંમત ના હાર.

'પ્રભુનું નામ લઈને પરીક્ષા આપી દે.'

મોટાએ હિંમતપૂર્વક પરીક્ષા આપી દીધી.

મોટા, સારા નંબરે પાસ થઈ ગયા.

❑

# ૧૫. વડોદરા કૉલેજમાં

મોટા, મૅટ્રિકમાં ઘણા સારા ગુણ મેળવીને પાસ થયા.

ગણિત, સંસ્કૃત અને ગુજરાતીમાં ૭૦ ટકાથી વધારે ગુણ આવેલા.

પેટલાદ હાઈસ્કૂલમાં પ્રથમ આવ્યા હતા.

તેથી, તેમને ઈનામ પણ મળ્યું હતું.

આવા આશાસ્પદ વિદ્યાર્થી મોટા હતા.

મોટાને પ્રભુકૃપાથી કૉલેજમાં જવા માટે મદદ પણ મળી ગઈ.

મોટા, વડોદરા કૉલેજમાં દાખલ થયા.

મોટાએ પોતાની નજર સામે એક આદર્શ રાખેલો હતો :

'જેમની મદદથી કૉલેજમાં ભણવાની તક મળી છે,

'તેમની ઓછામાં ઓછી રકમ વપરાય તો સારું.

'કોઈની મદદનો દુરુપયોગ ના કરવો.

'અગવડ ભલે વેઠવી.'

'પણ બીજાના પૈસાથી મોટી સગવડ ભોગવવી નહિ.

‘ખૂબ કરકસરથી રહેવું.
‘તો જ ભગવાન બરકત આપે.’
વડોદરા કૉલેજમાં ભણવાનું ગોઠવાઈ ગયું.
પરંતુ રહેવું ક્યાં ?
એ એક મોટો મૂંઝવતો સવાલ હતો !
મદદ કરનારા મોટા માટે હૉસ્ટેલમાં રહેવાની સગવડ કરી આપત.
પરંતુ મોટાને એવો લાભ લેવો ન હતો.
એક ભાઈ, વડોદરા કૉલેજમાં ફેલો થયા હતા.
તે કાલોલના વતની હતા.
એ ભાઈ, મોટાને સારી રીતે ઓળખતા હતા.
મોટાએ એ ભાઈને વિનંતી કરી :
‘ભાઈ, મારા ઉપર મહેરબાની કરો.
‘મારી ગરીબ સ્થિતિ તમે જાણો છો.
‘હૉસ્ટેલનું ખરચ મારાથી પોસાય નહિ.
‘મને તમારી રૂમમાં રહેવા દો.
‘હું, ઓરડીને સાફસૂફ રાખીશ.
‘તમારું બધું કામકાજ પણ કરીશ.’
એ ભાઈએ ખુશીથી હા પાડી.

❑

# ૧૬. દોઢ આનામાં જમવાનું !

હવે, મોટા આગળ જમવાનો સવાલ આવ્યો.

હૉસ્ટેલને રસોડે જમવાનું મોંઘું પડે.

એક માણસનું ભોજનખર્ચ તેવીસ-ચોવીસ રૂપિયા જેટલું થાય.

એટલી રકમ એમને સહાય કરનારા સજ્જનો જરૂર આપત.

પરંતુ મોટાએ તો મનમાં નક્કી કરી લીધું હતું :

'ઓછામાં ઓછા ખરચે પ્રભુકૃપાથી નભાવી શકાય તો સારું.

'ધારો કે મને કોઈ પૈસાની મદદ આપનાર ના હોય તો ?

'માટે એવી ગણતરી રાખીને જ વ્યવસ્થા કરવી સારી.'

પ્રભુકૃપાથી મોટાને ઉપાય સૂઝી આવ્યો.

વડોદરા શહેરની મધ્યમાં માંડવી વિભાગ આવેલો છે.

એની એક બાજુએ ચાંપાનેર દરવાજો છે.

એ તરફ જતાં વૈષ્ણવની હવેલી આવે છે.

મોટા, નાનપણમાં એ હવેલીએ ગયા હતા.

મોટાને એકાએક એ યાદ આવ્યું.
મોટાએ હવેલી શોધી કાઢી.
મોટા, ત્યાંના મુખિયાજીને મળ્યા.
પગે લાગીને તેમણે વિનંતી કરી :
‘મહારાજ, હું, વડોદરા કૉલેજમાં ભણું છું.
‘રોજ મારે ભગવાનનો પ્રસાદ જમવો છે.
‘કૃપા કરીને એક પતરાળી આપવાનું કરો.
‘આપનો મોટો ઉપકાર થશે.’
મુખિયાજીએ ખુશીથી હા પાડી.
એક પતરાળી પ્રસાદની કિંમત કેટલી ?
માત્ર દોઢ આનો !
ખાવાનું તદ્દન ચોખ્ખું.
પાછું ચોખ્ખા ઘીવાળું.
મોટા, રોજ સવારે હૉસ્ટેલમાંથી વહેલા નીકળે.
અઢી માઈલ જવાનું અને અઢી માઈલ આવવાનું.
ફૂટપાથ ઉપર ચાલતાં ચાલતાં વાંચવાનું.
મંદિરે જઈને મોટા નાહી લેતા.
પતરાળી જમીને પાછા ફરતા.
આ દરરોજનો કાર્યક્રમ હતો.

પરંતુ છએક મહિના પછી આ વાતની જાણ પ્રભાબાને થઈ.

તેમણે મોટાને માટે ભોજનનું ગોઠવી આપ્યું.

❑

## ૧૭. ખોટી ટેવ ના ખપે !

કૉલેજ હૉસ્ટેલમાં કેટલાક વિદ્યાર્થીઓ ‘ક્લબ’ ચલાવતા હતા.

મોટા, એ વિદ્યાર્થીઓને ચા બનાવી આપતા.

દિવસમાં બેત્રણ વાર ચા બનાવવાનું થતું.

વળી, કોઈ વિદ્યાર્થી મોટાને નાનુંમોટું કંઈ ને કંઈ કામ સોંપતા.

મોટા, એ કામ પ્રેમથી કરતા.

મોટા, બીજા માટે ઘસાઈ છૂટવામાં માનતા.

આમ કરવાથી સહેજે આપણે તેના દિલમાં સ્થાન મેળવી લઈએ છીએ.

તેની સાથે સ્નેહસંબંધ બંધાઈ જાય છે.

એટલે મોટા, ભણવાની સાથે સાથે ઘણા જણનું કંઈ ને કંઈ કામ કરતા.

મોટા, સૌનું કામ આનંદથી કરતા.

તેથી, સૌ વિદ્યાર્થીઓ મોટાની સાથે મીઠો સંબંધ રાખતા.

જરૂર પડ્યે રાજીખુશીથી મદદ પણ કરતા.

એ વિદ્યાર્થીઓ કોઈ કોઈવાર નાટક કે સિનેમા જોવા જતા.

તેઓ મોટાને તો શાના ભૂલે ?

તેઓ તેમની પણ ટિકિટ કાઢતા.

ક્યાંક ફરવા જાય ત્યારે પણ તેઓ મોટાને સાથે લઈ જવાનું ચૂકતા નહિ.

મોટા, એ સૌની સાથે જાય પણ ખરા.

પરંતુ એ સૌને ઉપયોગમાં આવી શકાય, એમ સાવધપણે વર્તવાનું રાખતા.

નકામી ચર્ચા કે વાદવિવાદમાં પડતા નહિ.

એક દિવસ મોટાને એકલા સિનેમા જોવાનું મન થઈ ગયું.

પરંતુ એકલા જવું હોય, તો ટિકિટ જાતે કાઢવી પડે.

મોટાનું એ ગજું ન હતું.

એટલા પૈસા કાઢવા ક્યાંથી ?

મોટાના દિલમાં મંથન જાગ્યું.

છેવટે મોટાએ સંકલ્પ કર્યો :

'મિત્ર, સિનેમા જોવા લઈ જાય તોયે ના જવું.

'કારણ કે સિનેમા જોવાની ટેવ પડી જાય.

'પછી કોઈવાર એકલા સિનેમા જોવાનું મન થઈ આવે !

'માટે સારામાં સારો રસ્તો એ છે કે,

'સિનેમા જોવાનું જ બંધ કરવું.

'આવો શોખ આપણને ના પાલવે.'

❑

## ૧૮. ગાંધીજીની હાક્લ

કૉલેજના અભ્યાસમાં મોટા, સરસ ગોઠવાઈ ગયા હતા.

બી.એ.ના છેલ્લા વર્ષમાં મોટા આવી ગયા હતા.

મોટાને મનમાં થયું :

'હાશ ! આ વરસ પ્રભુકૃપાથી સરળતાથી પતી જાય તો સારું.'

'બી.એ. થઈ જઈશ.

'સારી નોકરી મળી જશે.

'ઘરને મદદરૂપ થવાશે.

'સુખના દહાડા આવશે.'

ત્યાં તો એક મોટો ધડાકો થયો !

મહાત્મા ગાંધીજી દેશને આઝાદી અપાવવા સત્યાગ્રહની લડત ચલાવતા હતા.

ગાંધીજીએ દેશના યુવાનોને હાકલ કરી :

'સરકારી કૉલેજોનો બહિષ્કાર કરો.'

મોટાને પણ દેશની સ્થિતિ જોઈને થયું :

'હવે, કૉલેજમાં ભણવું નકામું છે.

'દેશનું કામ દેશના જુવાનો ના કરે, તો બીજું કોણ કરશે ?'

મોટાએ દેશને આઝાદ કરવા લડતમાં જંપલાવવાનો નિશ્ચય કર્યો.

❑

## ૧૯. મોટાની મૂંઝવણ

મોટા માટે કૉલેજ છોડી દેવી, એ સહેલું ન હતું.

કૉલેજ છોડી દેવી એટલે ?

મોટાએ ભણીગણીને મોટા માણસ બનવાની ઇચ્છા રાખી હતી.

એ આશા ભાંગીને ભૂકો થઈ જાય.

બીજું, કુટુંબીજનો પણ મોટા ઉપર આશા રાખતાં હતાં.

વળી, મોટાને જે જે બધાં મદદ કરતાં હતાં તેમનું શું ?

એ બધાંનો વિચાર મોટા, કૉલેજમાં ભણે એ તરફનો હતો.

મોટા, તેઓનો અણગમો વહોરવા ઈચ્છતા ન હતા.

એ વાતનું મોટાને દુઃખ પણ ઘણું થતું હતું.

પરંતુ મોટાનું દિલ કહેતું હતું :

'આપણો દેશ પરતંત્ર છે.

'એને આઝાદ કરવો જોઈએ.

'દેશની સેવા કરવાનો મારો ધર્મ છે.'

હવે કરવું શું ?

કુટુંબીજનો વગેરે મોટાને કૉલેજ ના છોડવા સમજાવતાં હતાં.

મોટા, બધાંનું શાંતિથી સાંભળતા.

પણ તેમના દિલમાં ભારે મંથન ચાલ્યું.

પણ મોટાને થતું હતું :

'દેશની વહારે ધાવાનો અમારા જેવા જુવાનોનો ધર્મ છે.

'જુવાનોએ જ દેશ માટે ભોગ આપવા તૈયાર થવું જોઈએ.

'એ સિવાય બીજું કોણ કરશે ?'

મોટા, આવા વિચારોમાં ગરકાવ રહ્યા કરતા.

❑

## ૨૦. કૉલેજને રામરામ !

સાથોસાથ મોટાને થતું હતું :

'કૉલેજ છોડ્યા પછી કરવું શું ?'

મોટા માટે સાવ અંધારું હતું !'

અંધારામાં ભૂસકો મારવાનો હતો.

ઘેરથી કોઈ મદદ કરી શકે એમ ન હતું.

મોટાએ પોતાના મનને વારંવાર ટપાર્યા કર્યું :

'દિવસો બહુ દોહ્યલા આવવાના છે !

'કદાચ ખાવાના પણ સાંસા પડશે.

'કોઈની મદદની આશા રાખવી એ તો ખોટું છે.

'હવે તો આપબળે જીવવું એ વાત નક્કી છે.

'માટે આ બધી વાતનો વિચાર કરીને પગલું ભરજે.'

વાતાવરણમાં ભારે ગરમી હતી.

કૉલેજોના જુવાન વિદ્યાર્થીઓમાં ઉશ્કેરાટ હતો.

અભ્યાસ કરવાનું કોઈને સૂઝતું નહિ.

ઘણા વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કર્યો.

એમાંના ઘણાખરા વિદ્યાર્થીઓ ભણવામાં ખૂબ તેજસ્વી.

તેઓનું ભાવિ ઉજ્જ્વળ હતું.

પરંતુ દેશને ખાતર તેઓ બધું ફના કરવા તૈયાર હતા.

મોટાએ વડોદરા કૉલેજનો ત્યાગ કર્યો.

તેમની સાથે કૉલેજ છોડનારા બીજા વિદ્યાર્થી હતા શ્રીપાંડુરંગ વળામે.

જેઓ આગળ જતાં શ્રીરંગ અવધૂત તરીકે જાણીતા થયા.

સૌથી પ્રથમ વડોદરા કૉલેજને રામરામ કરનારા બે જ વિદ્યાર્થીઓ હતા.

શ્રીમોટા અને શ્રીરંગ અવધૂત.

❑

## ૨૧. ગૂજરાત વિદ્યાપીઠમાં

મહાત્મા ગાંધીજીએ વિચાર્યું :

'શાળા-કૉલેજ છોડનારા વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો રહેવો ના જોઈએ.

'તેમને રાષ્ટ્રીય કેળવણી મળવી જોઈએ.'

એટલે ગાંધીજીએ અમદાવાદમાં વિદ્યાપીઠ શરૂ કરી.

એનું નામ 'ગૂજરાત વિદ્યાપીઠ.'

મોટા, વિદ્યાપીઠમાં દાખલ થયા.

પણ ખરચ શી રીતે કાઢવો ?

મોટા, વિદ્યાપીઠના આચાર્યજી પાસે ગયા.

તેમણે આચાર્યજીને પોતાની ગરીબ સ્થિતિની વાત કરી.

મોટાએ સફાઈકામ માગી લીધું.

મોટાએ ઓરડાઓમાં સફાઈ કરવાનું, ઝાડુ કાઢવાનું વગેરે કામ કરવા માંડ્યું.

વળી, દર અઠવાડિયે ગાંધીજીનું 'નવજીવન' પત્ર બહાર પડે.

મોટા, એની નકલો વેચવાનું પણ કરતા.

પરંતુ એમાંથી માંડ માંડ જમવાનું થઈ શકતું.

કોઈવાર એક ટંક તો કોઈવાર ચણામમરા ફાકીને ચલાવવું પડતું.

જમવાનું હાથે જ બનાવવાનું રાખ્યું હતું.

આમ, મોટા, વિદ્યાપીઠમાં ગોઠવાઈ ગયા.

❑

## ૨૨. દેશસેવાનાં કાર્યમાં

એક દિવસ ગાંધીજી વિદ્યાપીઠમાં આવ્યા.

વિદ્યાર્થીઓ આગળ ગાંધીજીએ કહ્યું :

'મેં તો ધાર્યું હતું કે,

'તમે બધા કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી જશો.

'દેશમાં ઘણાં ગામડાંઓ છે.

'આપણા દેશમાં શું ચાલી રહ્યું છે, એની ગામલોકોને ખબર હોતી નથી.

'તમે ગામડાંમાં જાઓ અને લોકોને બધી સમજ આપો.

'મેં એટલા માટે તમને કૉલેજનો ત્યાગ કરાવ્યો છે.

'તમે તો એક ડિગ્રીનો મોહ છોડ્યો ખરો.

'પણ બીજી ડિગ્રીના મોહમાં પડ્યા !

'કૉલેજ છોડાવવાનો મારો હેતુ શો છે ?

'તમે જુવાનિયાઓ દેશનું કામ કરો.

'દેશને જગાડો.

'મારી વાત ઉપર તમે ગંભીરતાથી વિચાર કરો.

'તમને યોગ્ય લાગે તો વિદ્યાપીઠનું ભણતર

પણ છોડી દો.

'દેશનાં કામમાં લાગી જાઓ.'

ગાંધીજીની વાત મોટાને બરાબર લાગી.

મોટાએ વિદ્યાપીઠમાં ભણવાનું છોડી દીધું.

ગામડામાં સેવા કરવા મોટા ગયા.

પણ ત્યાંનું નવુંસવું કામ બરોબર ગોઠવાયું નહિ.

એટલે મોટા, પાછા વિદ્યાપીઠમાં આવ્યા.

હવે, સ્નાતક થવાને થોડાક વખતની જ વાર હતી.

ત્યાં તો ગાંધીજી વિદ્યાપીઠમાં પાછા આવ્યા.

ગાંધીજીએ વિદ્યાર્થીઓને કહ્યું :

'દેશ આખો ભડકે બળે છે !

'તમારાથી ઠંડે કલેજે આમ અભ્યાસ કરવા કેમ બેસી રહેવાય છે ?

મોટા, સાવધ થયા.

એમનું જુવાન મગજ પાછું ઊછળ્યું.

મોટાએ હંમેશને માટે ભણતરને રામરામ કર્યા.

મોટા, દેશસેવાનાં કાર્યમાં જોડાઈ ગયા.

**॥ હરિઃૐ ॥**

હરિ:ૐ

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**